વડીલોને વંદન અભિનંદન



સુમંતભાઈ મંગળદાસ શાહ
(૧૯૩૮)મો.૯૫૧૦૯૯૪૮૨૭

ગુજરાત ભાજપનો ૫૦ લાખ ઓનલાઈન નોંધણીનો વિક્રમ

આઈ. કે. જાડેજાએ જણાવ્યું કે ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા ઓનલાઈન સદસ્યતા નોધણીમાં ૫૦ લાખ પ્રાથમિક સદસ્યાનો નવો વિક્રમ નોધાયો છે. પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુએ ગુજરાત પ્રદેશ દ્વારા હાસલ કરેલ સિદ્ધિ બદલ રાજયભરના સોકાર્યકર્તાઓને અભિનદન આપતા જણાવ્યુંહતુંકે, રાજયમાંલાખોની સંખ્યામાં પરિવારો ભાજપાની વિચારધારાના વાહક બન્યા છે.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે સુથારભાઈઓ દ્વારા નિર્મિત વિશ્વકર્મા મંદિર નિર્માણ પામેલ છે. જેમાં તા. ૧-૨-૧૫ના રોજ ૧૩મી વિશ્વકર્મા જયંતિ નિમિત્તે સુથાર, પંચાલ તથા અન્ય કારીગર ભાઈઓ દ્વારા તેમના ઈષ્ટદેવની શોભાયાત્રા, પૂજા, આરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. શોભાયાત્રામાં ગામની બહેનો દ્વારા રાસ ગરબા યોજવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે વિઠ્ઠલભાઈ વેણીભાઈ પંચાલ દ્વારા મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. જયારે આવતી સાલ માટે આજથી જ જયંતિભાઈ દલસુખભાઈ સુથારે સ્વેચ્છાએ દાતા બની તમામ ખર્ચ ઉઠાવવાની તૈયારી દર્શાવી હતી. નટુભાઈ સુથાર દ્વારા દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો. વર્ષમાં એક વાર આ તહેવાર આવતો હોવાથી ગામના દૂર વસતા શ્રધ્ધાળુ ભાઈ બહેનોએ હાજરી આપી હતી. અને સૌ વિશ્વકર્મા દાદાના જય ઘોષ સાથે વિખેરાયા હતા. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

પાલનપુર નગરપાલિકાના સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડ્યા

એસ.ટી. સ્ટેશન રોડ પર ગંદકીના મુદ્દે રોષે ભરાયેલા વેપારીઓનો ચક્કાજામ

પાલનપુર, તા. ૨

પાલનપુર નગરપાલિકાની સ્વચ્છતા અભિયાનની સુફીયાણી વાતોના ધજીયા ઉડાવતી એક ઘટનામાં પાલનપુરના એસ.ટી. બસ સ્ટેન્ડ રોડ પર ગટરો ઉભરાતા વેપારીઓ રોડ પર ઉતરી આવ્યા હતા. રોષે ભરાયેલા વેપારીઓએ રસ્તા રોકી ચક્કાજામ કરતા અફરાતફરી મચી ગઈ હતી. અંતે એકાદ કલાક બાદ પોલીસે આવી માંડ મામલો થાળે પાડ્યો હતો.

ડોર ટુ ડોર કચરા નિકાલના કોન્ટ્રાક્ટમાં ગેરરીતીઓ આચરાઈ હોવાના આક્ષેપોનો સામનો કરી રહેલી પાલનપુર નગરપાલિકાના રાજમાં કેવું અને કેટલું સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે તેનો પર્દાફાશ આજે એસ.ટી. બસ સ્ટેશન રોડ પર વેપારીઓનો મિજાજ જોતા જોવા મળ્યો હતો. લાખો કરોડો રૂપિયાના ખર્ચે વસાવેલા સફાઈના સાધનો સાથે સ્વચ્છતા ઝુંબેશની ગુલબાંગો વચ્ચે પાલનપુર નગરપાલિકાના રાજમાં ઠેર ઠેર ગંદકીથી ત્રસ્ત વેપારીઓ રોડ પર ઉતરી આવ્યા હતા. ઉશ્કેરાયેલા વેપારીઓએ બસ સ્ટેન્ડમાં નીકળતી એસ.ટી. બસોને જ રોકી દેતા દોડધામ મચી જવા પામી હતી. એકાદ કલાક સુધી બસ સ્ટેન્ડ રોડનો વાહન વ્યવહાર ખોરવાઈ જતા પોલીસ દોડી આવી હતી. દરમિયાન, એસ.ટી.ના સત્તાવાળાઓ અને પોલીસે દરમિયાનગીરી કરી નગરપાલિકા સામેનો રોષ એસ.ટી. બસો સામે નહી ઠાલવવા માટે સમજાવતા માંડ મામલો થાળે પડ્યો હતો.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

જલોત્રા જીપ-કાર અકસ્માતમાં એકનું મોત બાર ઘાયલ

વડગામ તાલુકાના જલોત્રા નજીક અલ્ટો કાર અને જીપ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર એક યુવકનું મોત નીપજ્યું હતું. જ્યારે ૧૨ જેટલા લોકોને ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. વડગામ તાલુકાના જલોત્રા ગામ પાસે આજે સાંજે અંબાજી તરફથી આવતી અલ્ટો કાર અને કમાન્ડર જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર એક ૩૦ વર્ષીય યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે ૧૨ જેટલી વ્યક્તિઓને ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં એકની હાલત ગંભીર હોવાના અહેવાલ સાંપડ્યા છે. અકસ્માતને પગલે સેવાભાવી લોકો સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા.

કરશનપુરા કંપાના યુવાનનો મૃતદેહ મળ્યો

વિજાપુર પાસે સાબરમતી નદીની કોતરમાંથી મોડાસાના કરશનપુરા કંપાના યુવાનનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. વિજાપુર નજીક સાબરમતી નદી કિનારે કોતરોમાં એક યુવાનનો મૃતદેહ પડ્યો હોવાના સમાચાર મળતાં વિજાપુરના પી.એસ.આઈ. ડી.એમ. ચૌહાણ, એ.એસ.આઈ. સહિત સ્ટાફે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતાં મૃતદેહ મોડાસા તાલુકાના કેશવપુરાકંપા ગામના ૩૫ વર્ષિય પટેલ જયંતીભાઈ રવજીભાઈનો હોવાનુંજાણવા મળ્યુંહતું. મૃતદેહના ગળામાં દોરડી તેમજ બાજુમાં રૂમાલ જોવા મળ્યા હતા. પોલીસે મૃતદેહનુંપીએમ કરાવી પરિવારજનોને જાણ કરી હતી. શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો હોવાથી પોલીસે એફએસએલની મદદથી યુવાનની હત્યા કે આત્મહત્યા તપાસ હાથ છે.

પ્રાંતિજ નજીક હાઈવે ટોલનાકા પર સ્થાનિક વાહનચાલકોનો હંગામો

સાત કિમી વિસ્તારના સ્થાનિક વાહનચાલકોને ટોલટેક્ષમાંથી સંપૂર્ણ રાહત આપવા માંગણી : ધારાસભ્યોએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો : માંગણી નહી સંતોષાય તો ફરી ચક્કાજામની ચિમકી

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ટોલનાકાથી નજીકમાં આવેલ સીતવાડા ગામના સરપંચ કોઈ કામ ખાતે નેશનલ હાઈવે આઠ પર કતપુર પાસે આવેલ ટોલનાકા પાસે વાહન ચાલકો દ્વારા હંગામો કરાઈને ચક્કાજામ કરાવી દેવાયું હતું. આ કારણે અનેક વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

બનાવની વિગત મુજબ મિલ્કતસિંહ અને ટોલનાકાના કર્મચારી-સંચાલક સાથે જીભાજોડી અર્થે પોતાની ગાડીમાં પ્રાંતિજ મામલતદાર કચેરીમાં આવ્યા હતા. જેઓ તેમનું કામ પતાવી પરત ફરતા હતા તે સમયે ટોલ સંચાલકની સૂચનાથી સર્વિસ રોડ બંધ કરાતા અને તેમની ગાડીને સર્વિસ રોડ પરથી જવા દેવામાં ના આવતા સરપંચ થવા પામી હતી. આ સમયે સ્થાનિક વાહનચાલકો જેમને રોજીંદુ અવરજવર કરવુ પડતુ હોય છે તેઓનો પણ ગુસ્સો ફાટી નીકળ્યો હતો. આથી તમામે ટોલટેક્સ ફ્રી કરવાની માંગ સાથે હોબાળો મચાવ્યો હતો. આ દરમ્યાન અમદાવાદ-વડોદરા-મુંબઈ અને રાજકોટ તરફ જતા વાહનોની લાંબી લાઈન થઈ જવા પામી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સ્થાનિક વાહનચાલકો દ્વારા ટોલનાકા સંચાલકની મનમાનીનો ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. અને આ બાબતની ધારાસભ્યને જાણ કરાતા તેઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સંચાલકનો ઉઘડો લીધો હતો. ધારાસભ્યો વાહનચાલકોને શાંતિથી કામ લેવા અને ટ્રાફિક જામ છુટો કરવા વિનંતી કરી હતી તેમજ આ અંગે પ્રાંત તથા મામલતદારને વાહનચાલકો સાથે મળીને આવેદનપત્ર આપવાનું જણાવ્યુ હતુ. સ્થાનિક વાહન ચાલકો દ્વારા સાત કિમીના વિસ્તાર સુધી સંપૂર્ણ ટોલટેક્સ નાબુદ કરવા જીદ પકડવામાં આવી હતી અને તે માટે સર્વિસ રોડ પરથી આવનજાવન કરવા માંગ કરી હતી. આ ઉપરાંત તેમની માગણી નહી સંતોષાય તો ફરીથી ચક્કાજામ કરાશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

મેઘરજના જેરીયાવાડા ગામની મહિલાએ બિમારી અને ગરીબ દારૂણ અવસ્થાના કારણે અગન પછોડી ઓઢી લેતાં હાહાકાર

ઈસરી તા. ૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના જેરિયાવાડા ગામની ૩૨ વર્ષીય પરિણીત મહિલાએ ગરીબીના અને પોતાના પતિની ગંભીર બીમારીથી પીડાતા હોવાની વ્યથા ન જોઈ શકતા અને મનમાં લાગી આવતા પોતાના શરીર પર કેરોસીન છાંટીને દિવાસણી ચાંપીને આપઘાત કરી લેતા જેરીયાવાડા ગામમાં શોક છવાયો હતો.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મેઘરજ તાલુકાના ઝેરીયાવાડા ગામની પરિણીતા મહીલા કૈલાસબેન ડામોર ઉં.વ.૩૨ નો પતિ સુરેશભાઈ જીવાભાઈ ડામોર (ઉં.વ.૩૫) છેલ્લા કેટલાય સમયથી ટી.બી.ના રોગનો શિકાર બન્યો હતો. આ રોગની સારવાર કરાવવા છતાં સારવારના યોગ્ય પરિણામ ન મળતા મહીલાનો પતી પથારીવશ બની ગયો હતો અને દિવસે દિવસે પોતાની તબીયત લથડતી જતી હતી. આ વિકટ પરિસ્થિતિના વચ્ચે કૈલાસબેન પણ છેલ્લા ૧૦ દિવસથી પેટના અસહ્ય દુઃખાવાનો ભોગ બની હતી. ગરીબ અવસ્થાના કારણે અને બીમારીના ભરડામાં સપડાઈ જવાના કારણે કૈલાસબેન ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. હતાશાનો ભોગ બનતા જીંદગીથી કંટાળીને અને દારૂણ અવસ્થાના કારણે દુનિયા છોડી દેવાના નિર્ધાર સાથે આત્મહત્યા કરવાનુ નક્કી કરી પરિણીતા પોતાના ઘરમાં રહેલા કેરોસીનના ડબ્બામાંથી શરીર પર કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દીધી હતી અને ભડભડ બળવા લાગી હતી. શરીર દાઝી જવાના કારણે બૂમાબૂમ કરતા આજુબાજુના લોકોએ મળીને આગ હોલવી દીધી હતી પરંતુ સખત રીતે દાઝી

શબ્દાવલી - ૫૬૩૪



આડી ચાવી

૧. પરોઢિયું, પ્રભાત (૪)
૪. મેથીપાક, મારવું તે (૩)
૬. મીઠા અવાજવાળું સુંદર પક્ષી (૪)
૮. મડદાપેટી, જનાજો (૩)
૧૦. ઓરડો, કક્ષ (૨)
૧૧. હિંસક પ્રાણી (૨)
૧૨. ફજેતી, બદનામી (૩)
૧૫. માસિક પગાર કે વેતન(૪)
૧૭. પાયરી, પોસ્ટ (૩)
૧૯. પોશાક, પહેરવેશ (૩)
૨૦. ખેતરમાં રખાતો માણસ જેવો આકાર (૩)
૨૨. કપડાનો ગળા માટેનો સીવણનો ભાગ (૩)
૨૩. ભવિષ્ય (૨)

ઊભી ચાવી

૧. મિલનસાર સ્વભાવવાળુ(૫)
૨. સાબિતી, પુરાવા (૩)
૩. તમામ, એકંદર (૨)
૪. લપાટ, લપડાક, લાફો (૨)
૫. આવક, ફાયદો (૩)
૭. પાયાનું, મુળ પાયો (૪)
૯. દળેલી ખાંડ (૨)
૧૩. ક્રિકેટની રમતમાં દોડ કે રનનો... પુછાય (૨)
૧૪. ઢાકોર, રાજસભા - કચેરી (૪)
૧૬. મા, જનની (૩)
૧૭. તર્ક - વાદ-વિવાદ (૩)
૧૮. જોમ, જોર (૨)
૨૦. ઉપાય, કુંચી (૨)
૨૧. ફ્રેસમાં સુશોભન માટે તૈયાર ભરતકામ વાળું ગળું (૨)

શબ્દાવલી ૫૬૩૩ના જવાબ

આડી ચાવી :- (૧) ટંટોફિસાદ (૪) ખાસ (૬) ડેક (૭) દંતાળી (૮) સોપાન (૧૦) બટાકા (૧૧) હીત (૧) રંગત (૧૫) મુક (૧૭) ગજ (૧૯) રાજન (૨૦) મંદગામી (૨૨) ચળવળ (૨૩) તદ્દન

ઊભી ચાવી :- (૧) ટંડેલ (૨) ટોક (૩) સાટાપાટા (૪) ખાતાવહી (૫) સળી (૮) સોબત (૯) નકામુ (૧૨) તખ્તનશીન (૧૩) રંગમંચ (૧૪) ગજદળ (૧૬) કરામત (૧૮) તામીળ (૨૧) ગાવ

ઓનિડાએ નવી પેઢીને લક્ષ્યમાં રાખીને ઈન્ટરનેટ ઓફ થિંગ આધારિત એર કંડીશનર્સની નવી શ્રેણી લોન્ચ કરી

ઓનિડાએ ફરી એકવાર ભારતીય ગ્રાહકોની જરૂરિયાતોને અનુરૂપ ઉત્પાદનો રજૂ કરવાની પોતાની -તિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. આ વખતે ઓનિડા ભારતીય યુવાનોને કેન્દ્રમાં રાખીને પોતાની એર કંડીશનર્સની શ્રેણી રજૂ કરી રહ્યું છે. આ એર કંડીશનર્સ આઈઓટી ટેક્નોલોજી પર આધારિત છે અને તેને ગ્રાહકના સ્માર્ટફોન દ્વારા વાઈફાઈની મદદથી કંટ્રોલ કરી શકાય છે. આ એર કંડીશનર્સ ગ્રાહકને તેની જરૂરિયાત મુજબ દુનિયાના કોઈ પણ ખૂણેથી નિયંત્રિત કરવાની સુવિધા પૂરી પાડે છે. આ સુવિધાથી એર કંડીશનર્સના નિયંત્રણની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન આવશે. આ સંશોધન સમગ્ર ઉદ્યોગ માટે ક્રાંતિ લઈને આવશે અને એર કંડીશનર્સ -ત્યેની ગ્રાહકોની માન્યતામાં ધરમૂળથી પરિવર્તન આવશે. તે આઈઓટી એટલે કે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ આધારિત છે, જેનો અર્થ બે ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો ઈન્ટરનેટના માધ્યમથી એકબીજા સાથે સંવાદ સાધે છે. આ એસીમાં અનેક આગવા ફીચર્સને આવરી લેવાયા છે.

અશ્વ મહોત્સવ... ● ત્રીજા પાનાનું ચાલુ

દિગ્વિજયસિંહ એસ રાણા પણ ૧૩ વર્ષથી શોખથી અશ્વપાલન કરે છે. તેઓ ૧૨ માસનો મારવાડી અશ્વ હમીર અને કાઠિયાવાડી અશ્વ ધનરાજ લઈને અશ્વ મહોત્સવમાં ભાગ લઈ રહ્યા છે. એમની પાસે ચાર અશ્વો છે. જેની અંદાજી કિંમત -તિ અશ્વ રૂ.૭૫,૦૦૦ થી દોઢ લાખ રૂ. ની ગણાવી શકાય.

(૫) બરેલી, ઉત્તર-દેશના છોટુભાઈ સિદ્દીકી ૧૬ અશ્વો સાથે આવ્યા છે. પંજાબ મૂળના પૂની જાતિના થોડી ઓછી ઉંચાઈ ધરાવતા અશ્વ નાના બાળકોના શોખ અને બગી ગાડી માટે વપરાય છે તે લઈને આવ્યા છે. બાળકોને તોખાર-ચુંનદા અશ્વો સાથે આ પૂની જાતિના અશ્વ પણ આકર્ષી રહ્યા છે. એમના જણાવ્યા મુજબ એમના બે અશ્વોનું વેચાણ પણ અશ્વ મહોત્સવમાં થયું છે. તેઓ દર વર્ષે અંબોડ અશ્વ મેળામાં જોડાય છે.

(૬) કલોલ તાલુકાના જાસપુરના અરવિંદભાઈ કે. પટેલ સિંધણ જાતિના ૩.૫ વર્ષના અશ્વ સાથે ભાગ લઈ રહ્યા છે. તેઓ ૧૨ વર્ષથી અશ્વપાલન શોખથી કરી રહ્યા છે. સિંધણ એ મુળ સિંધ -દેશની જાત, મારવાડી કરતાં પણ ચી જાતિના અશ્વ ગણાય. ખેતર-વાડીના કામમાં, ફરવામાં બ્રીડિંગ માટેના આ અશ્વનો ઉપયોગ થાય છે. રેવાલમાં તે ૨૫ કિ.મી. ની ઝડપ ધરાવે છે. આ અશ્વની અંદાજે કિંમત રૂ. ૨.૫૦ લાખ ગણી શકાય.

અંબોડ અશ્વ મહોત્સવમાં અશ્વો માટેની વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી છે. તેમાં ઈકવેસ્ટ્રીયન ફેડરેશન ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીના સહયોગથી નિર્ણાયકો નિમાયા છે. સર્વશ્રી કર્નલ સોહલ, કર્નલ યાદવ, કર્નલ રાઠોર, કર્નલ ઉમેદસિંહ, કર્નલ લાકડા એન્ડયુરન્સ રેસ માટે તથા બ્રીડ શો માટે કાઠિયાવાડી અશ્વ નિષ્ણાત તરીકે આર.ડી.ઝાલા, ડૉ. વાળા તેમજ મારવાડી અશ્વ નીષ્ણાત તરીકે મહારાણા મહિપેન્દ્રસિંહજી (દાંતા), ડૉ. મહેન્દ્રસિંહ રાઠોર, ધર્મેન્દ્રભાઈ પટેલ અને પશુપાલન ખાતાના નિષ્ણાતો સેવા આપી રહ્યા છે.

યાર્ડ બનાવવા સર્વે ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. થોડા સમય અગાઉ રેલવે સ્ટેશનના વિસ્તારમાં રેલવે વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ સ્થિતિનો અભ્યાસ હાથ ધરી જરૂરી સર્વે પણ કરવામાં આવ્યો હતો. જેના અંતે ગાંધીનગર સ્ટેશન સુધી ત્રણ ટ્રેઈનો લંબાવાય તેવી સંભાવના પ્રબળ બની છે. જેમાં અમદાવાદ-પાટણ મેમુ, અમદાવાદ આબુરોડ ડેમુ ટ્રેઈન તેમજ અમદાવાદ-અજમેર પેસેન્જર ટ્રેઈનનો સમાવેશ થાય તેવી સંભાવના છે. હાલ આ ત્રણ ટ્રેઈન ખોડીયાર જંકશનથી કલોલ મહેસાણા રૂટ પર દોડે છે. આ ત્રણેય ટ્રેઈન વાયા ગાંધીનગર કરવા શહેર વસાહત મહામંડળ દ્વારા પણ વર્ષોથી રજુઆત કરવામાં આવી રહી છે. આ ટ્રેઈનો વાયા ગાંધીનગર રૂટમાં દોડાવાય તો પાટનગર, મહેસાણા અને પાટણ અપડાઉન કર્તાઓને ઘર આંગણેથી જ રેલસુવિધા ઉપલબ્ધ થઈ શકે તેમ છે. રેલવે સ્ટેશન વિસ્તારમાં મુંબઈથી આવેલી ટીમ દ્વારા યાર્ડ બનાવવા તથા જરૂરી અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેના લીધે પણ નજીકના ભવિષ્યમાં સ્ટેશનને નવી ટ્રેઈનો ઉપલબ્ધ થશે તેવુ ઈન્ડીગેશન મળી રહ્યું છે. જેના લીધે અગર અમદાવાદ યાર્ડમાં પડી રહેતી ટ્રેઈનો પણ ગાંધીનગર ડાયવર્ડ કરવામાં આવે તેવું પણ આયોજન ભવિષ્યમાં હાથ ધરાય તેવી સંભાવના છે.

બોજા નોંધોની એન્ટ્રી ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ માટેની તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે. મહેસુલ વિભાગના વિશ્વસનીય સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ બેંકો સાથે સરકારની વાટાઘાટો ચાલી રહી છે. ચાર જેટલી બેંકોએ આ બાબતમાં સરકારને સહમતિ આપી દીધી છે. તેમાં દેના બેંક, સ્ટેટ બેંક, બેંક ઓફ બરોડાનો સમાવેશ થાય છે.

રાજયની સહકારી બેંકોને પણ આ સત્તા સોંપવામાં આવશે તેવા સંકેતો આપતાં વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સહકારી ક્ષેત્રની મોટી બેંકો સાથે પણ વાટાઘાટો ચાલી રહી છે. તે પણ સારી રીતે આગળ વધી રહી છે અને ટૂંકમાં જ તેમને પણ સામેલ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ખેડૂતોને આ નિર્ણયને પગલે હવે ઈ-ધારા કેન્દ્રમાં ફેરફાર નોંધ માટે ધક્કા ખાવા પડશે નહિ. તેમજ બેંકોમાંથી ખેડૂતોને નાણાં પણ ધિરાણ મંજૂર થતાં જ ઝડપથી ઉપલબ્ધ બનશે.

રાજયમાં કૃષિ વિકાસવર્ષની ઉજવણી ચાલી રહી છે ત્યારે સરકારનો આ નિર્ણય ખેડૂતોને તંત્રની માથાકૂટમાંથી મુકિત અપાવશે. રાજયમાં એક અંદાજ મુજબ ઈ-ધારા કેન્દ્રોમાં ૪૦ ટકા જેટલી નોંધ આ ફેરફારોની પડાવવામાં આવતી હોય છે.

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના કંડમ પ્રદર્શન વાહન નંબર **GJ-18-G-6126** તથા પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદના પ્રદર્શન વાહન નંબર **GJ-18-G-6125**ના નિકાલ માટે જાહેર હરાજી તા. ૧૨/૨/૨૦૧૫ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે રાખેલ હોઈ રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)નો ડીડી '**A.O. Commissioner of Information Gandhinagar**'ના નામનો ૧૧-૩૦ સુધીમાં ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર-૧૯, ગ્રાઉન્ડ ફ્લોર, વાહન શાખા ખાતે જમા કરાવવાનો રહેશે. અન્ય શરતો હરાજી સમયે જણાવવામાં આવશે. કોઈપણ ઓફર સ્વીકારવી કે નકારવી તે અંગેનો માહિતી કમિશનરશ્રીનો અધિકાર અબાધિત રહેશે. માહિતી/૨૩૩૫/૨૦૧૪-૧૫

બજેટ સત્ર સંદર્ભમાં કોંગ્રેસી ધારાસભ્યોની આજે મિટિંગ

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રને લઈને ભાજપ અને કોંગ્રેસ દ્વારા રણનીતિ ઘડવામાં આવી રહી છે. બજેટ સત્ર તોફાની બને તેવા સંકેતો દેખાઈ રહ્યા છે. બજેટ સત્ર દરમિયાન ગુજરાતનું બજેટ રજુ કરવામાં આવનાર છે. જેના ઉપર તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. આવનાર દિવસોમાં બજેટ સત્રને લઈને વધુ ચર્ચા રહે તેવા સંકેત છે. બજેટ સત્રની તૈયારીના ભાગરૂપે આવતીકાલે મંગળવારે ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે કોગ્રેસપક્ષના ધારાસભ્યોની એક મહત્વની બેઠક મળશે. વિધાનસભા ગૃહનું સત્ર તા. ૨૩મી ફેબ્રુઆરીનાં રોજ નાણાંમત્રી સૌરભ પટેલ વર્ષ ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર રજૂ કરશે.

આઠ બ્લોક તોડી પડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા સીલ કરી દેવાયા હતા પરંતુ સે. ૭ સહીત અન્ય નિકાલ હેઠળના જોખમી મકાનોમાં લાંબા સમયના અંતે પણ શ્રમિકોનો વસવાટ હોવાનું ધ્યાને આવ્યું છે. બીજી તરફ નિકાલના મકાનો તોડવાની પ્રક્રીયા મંદ ગતિએ ચાલતી હોવાથી સેક્ટરોમાં જોખમી આવાસોનું અસ્તિત્વ યથાવત છે. સે. ૩૦માં જ-૨ કક્ષાના ૮ બ્લોક તોડવા માટે તંત્ર દ્વારા ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે ટુંકમાં જ આ જોખમી મકાનો તોડી પાડવામાં આવશે. સે. ૭, ૧૩ અને ૩૦ સહીતના સેક્ટરોમાં નિકાલ હેઠળના અન્ય બ્લોક તોડવા માટે તંત્ર દ્વારા વિભાગમાં સુપ્રત કરાયેલી દરખાસ્ત હજુ પડતર છે. સે. ૧૬માં પણ હાલ નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યું છે.

વેચવાની છે

જુની ખુરશીઓ આશરે નંગ ૭૦, રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી બંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. દિન-૭માં મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ, બ્લોક નં.-૧, ૮મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

Tender Notice
SARDAR SAROVAR MARMADA NIGAM LINITED, GANDHINAGAR

Assistant General Manager (Adm)
Sardar Sarovar Narmada Nigam Limited
2nd Floor, Block No. 12, Sachivalaya,
Gandhinagar-382010
Tel No. 079-23252452, 23252387

SHORT TENDER NOTICE NO. SSNNL/AGM(A)/6/2014-15

SSNNL invites online bids by e-tendering from eligible bidder for the work of Furniture Work for the office of Statue of Unity (Part-I) (LHS), 3rd Floor, Block No.12, Sachivalay, Gandhinagar. All details and conditions are provided in the Tender document on Web site http://www.sssnnl.nprocure.com (a) EMD Rs. 23500/- (b) Tender fees Rs. 900/- Interested parties may bid online through above website up to 11/02/2015 (up to 18.00 hrs.). Supporting documents with DD of tender fees and EMD shall be submitted on 12/02/2015 (between 11.00 to 16.00 hrs.) at V Branch SSNNL, through hand delivery only.

Assitt. General Manager (Adm)
SSNNL, Gandhinagar

INF/2333/2014-15